અપીલ અરજી નં.૧૧૮/૦૮–૦૯ તા. ૫–૮–૦૮

અરજદારઃ શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળાઃ આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન

***હુકમઃ–***

***વિષય :–***આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણ ની તા.૩૦–૬–૦૮ ની અરજીથી સોદાગરવાડમાં આવેલ લાલ મહેલ જેનો નં.૧૧/૧૮૩૫/૧૧/૧૮૬૩ વાળી મિલ્કત કોના નામે ચાલે છે. તેમજ જેની રીનોવેશનની પરવાનગી કોના નામે આપવામાં આવી છે તે બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૫–૮–'૦૮ ની અપીલ અરજી નં.૧૧૮/૨૦૦૮–૦૯

શ્રી ગુલામભાઈ મેમણ ની તા.૩૦–૬–૦૮ની અરજીથી સોદાગરવાડમાં આવેલ લાલ મહેલ જેનો નં.૧૧/૧૮૩૫/૧૧/૧૮૬૩ વાળી મિલ્કત કોના નામે ચાલે છે. તેમજ જેની રીનોવેશનની પરવાનગી કોના નામે આપવામાં આવી છે તે બાબતે આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/આઉટ/૪૮૪ તા.૨૯–૭–૦૮ થી આપેલ માહિતીમાં મુદ્દા નં.૧ માં રિનોવેશનની પરવાનગી લીધી નથી તથા મુદ્દા નં.૨ માં મિલ્કતની મજબુતાઈની ખરાઈ કરવામાં આવેલ નથી તેમજ ભવિષ્યમાં હોનારત થાય તો તે અંગેની જવાબદારી મિલ્કતદાર અને કબજેદારની ગણાય તેવા આપેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૫–૮–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૧૫ તા.૧૧–૮–૦૮ થી આસી. કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી રાઈટ ટુ ઈન્ફર્મેશન/સે.ઝોન/૬૦૬ તા.૨૬–૮–૦૮ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

અરજદારની તા.૩૦–૬–૦૮ ની અરજીની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને સમય મર્યાદામાં પૂરી પડાયેલ છે. સોદાગરવાડમાં આવેલ લાલ મહેલ ૧૧/૧૮૬૩ વાળી મિલ્કત શ્રી હુસેન જમાલુદ્દીન મોમીન વિગેરે માલિક જણાય આવેલા છે અત્રેની કચેરીથી રીનોવેશન પરવાનગી લેવામાં આવેલ નથી. પરંતુ તા.૧૫–૧૨–૦૭ થી સદરહું મિલ્કત રીપેરીંગ કરવાની જાણ પ્રમુખશ્રી ધ કમર ફી લાયબ્રેરી કેર ઓફ સીટીઝન પ્રેસ મુગલીસરા,તરફથી જાણ કરવામાં આવેલ. હોનારત બાબતે જવાબદારી અંગે પણ જણાવવામાં આવે છે. સદર મિલ્કતની મજબુતાઈની ખરાઈ અત્રેથી કરવામાં આવેલ નથી. અરજદારે અપીલ અરજીમાં મુળ અરજીથી અલાયદા પ્રશ્નો રજુ કરેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૩૦–૬–૦૮ની અરજીથી માંગ્યા મુજબની માહિતી અરજદારને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી સમય મર્યાદામાં પૂરી પાડવામાં આવેલ છે. જેથી માહિતી બાબતે અન્ય કોઈ હુકમ કરવાનો રહેતો નથી. અરજદારે મુળ અરજીથી અલાયદા ઉભા કરેલ ફરીયાદ નિવારણના પ્રશ્ન અંગે લાગત સક્ષમ સત્તાનો સંપર્ક કરવા સ્વતંત્ર છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૯ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ગુલામ મેમણ,